# શહેરમાં ધાડ-લુંટ માટે આવેલા કુખ્યાત બસ્તીખાન પઠાણ ગેંગના ૬ સભ્યો હથીયારો સાથે ઝડપાયા



ગાંધીનગર, તા.૨૩ અમદાવાદનો ગેંગસ્ટર ઈસ્માઈલ ઉર્ફે બસ્તીખાન અબ્દુલ ગફુર ખીલજી (પઠાણ) ગાંધીનગર શહેરમાં પોતાની ગેંગના સભ્યોને ઘાતક હથીયારો લઈને ધાડના ગુનાને અંજામ આપવા માટે આવ્યો હતો. ત્યારે એલસીબી પોલીસને બાતમી મળતા શહેરની સેક્ટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાસેથી બસ્તી ગેંગના ૬ સભ્યોને પોલીસે દબોચી લીધા હતા. જયારે બસ્તીખાન નાસી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી તલવાર, ધોકા, ધારીયું, છરા, ફરસી, બેટ, ૭ મોબાઈલ અને મોંઘીદાટ ૪ ગાડીઓ સહિત રૂ.૧૩.૨૨.૧૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ હરપાલસિંહ ઝાલા માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ પી.ડી.વાઘેલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે શહેરના ચકચારી જશુ પટેલ મર્ડર કેસનો આરોપી અને અમદાવાદનો ગેંગસ્ટર બસ્તીખાન પઠાણ ધાડના ગુનાને અંજામ આપવા પોતાની ગેંગના સભ્યો સાથે સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કુલ નજીક આવી પહોંચ્યો છે. જેથી એલસીબી પોલીસે ચ-૩ થી ઘ-૩ સર્કલના વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આ સમયે સેકટર-૭ ડી સ્ટાફના પીએસઆઈ એમ.એસ.રાણા પણ ટીમના સભ્યો સાથે દોડી પહોંચ્યા હતા. પોલીસનો કાફલાને જોઈને ત્યાં ઉભી રહેલી ગાડીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. એક કારમાં ૬ સભ્યો બેસીને નાસી છુટ્યા હતા, તો બીજી ગાડીઓમાં અન્ય ૧૦ જેટલા સભ્યોએ પોલીસને જોઈને દોટ મુકી હતી. પોલીસે પીછો કરી ગેંગના ૬ સભ્યોને દબોચી લેતા ગુનો બનતા અટકી ગયો હતો. પોલીસે પકડાયેલા આરોપીઓની પુછતાછ કરતા તેઓએ શરીફ મનસુરી અને અફઝલ મનસુરીએ ગાંધીનગરના દર્શનસિંહ ઉર્ફે ગોપી ચાવડા સાથે ક્રિકેટના સટ્ટાની લેવડ-દેવડ હોવાથી બસ્તીખાનને સોપારી આપી હતી. જેથી બસ્તીખાન પોતાના પુત્ર સહિત સાથીઓને ઘાતક હથીયારો સાથે ગાંધીનગર લઈને આવ્યો હતો. પોલીસને ગાડીઓમાંથી ઘાતક હથીયારો મળી આવ્યા છે. આરોપીઓ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે જેમાં વોન્ટેડ બસ્તીખાન સામે ગાંધીનગર-અમદાવાદમાં હત્યા અને મારામારીના ૧૨ ગુના છે. શરીફ મનસુરી સામે ગાંધીનગરમાં વિવિધ પોલીસ મથકમાં જુગાર, એટ્રોસીટી, અને કોર્ટમાં ચેક રીટર્નનો ગુનો છે. અફઝલ મનસુરી સામે સેકટર-૭ પોલીસ મથકમાં જુગારનો કેસ છે. ત્યારે ફીરદોસ સામે મારામારી રાયોટીંગના ૮ ગુના, ગૌતમ સામે હત્યા અને મારામારીના ૪ ગુના, ધર્મેશ સામે મારામારીના ૫ ગુના અને અલ્પેશ સામે મુંબઈમાં લુંટ-ધાડમારામારીના ૬ ગુના નોંધાયા છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

### પોલીસના હાથે પકડાયેલા આરોપીઓ

- ફીરદોસ ઈસ્માઈલ ઉર્ફે બસ્તીખાન ખીલજી રહે. પાતલીયા હનુમાનજી મંદિરની પાછળ, સાને ભુરાની સામે, મીરજાપુર, અમદાવાદ
- ગૌતમ ઉર્ફે પંદરીયો વિનોદભાઈ મકવાણા રહે, ૧૨૧, અરવિંદ મીલની ચાલી, પહેલી ગલીમાં રોડ ઉપર બાપુનગર, અમદાવાદ
- ધર્મેશ કેશવભાઈ પાટડીયા રહે. પિકર્સની ચાલી ખાડામાં છાપરામાં, અરવિંદ મીલની બાજુમાં બાપુનગર, અમદાવાદ
- અલ્પેશ દિપકભાઈ કતપરા રહે, બાપુનગર પોલીસ લાઈન બાજુમાં અમદાવાદ, મુળ રહે, ચેમ્બુર કેમ્પ હનુમાનનગર બિલ્ડીંગ નં.-૨૫ મુંબઈ
- કમલ ઉર્ફે કમલેશ મનુભાઈ વસાવા રહે.ઈન્દ્રોડા ગામ મનસુરીવાસ તા.જી.ગાંધીનગર
- નિકિનકુમાર કાનજીભાઈ પટેલ રહે. ૫૨ રાધે હોમ્સ, સહજાનંદ સીટીની બાજુમાં કુડાસણ, ગાંધીનગર

### પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ



- ક્રેટા, સફારી, હોન્ડાસીટી, વેગનઆર કાર, છરા નંગ-૨, તલવાર નંગ - ૪, ફરસી નંગ-૨, ધારીયા નંગ-૨, બેઝબોલાના ધોકા નંગ-૨, બેગ નંગ-૩, મોબાઈલ નંગ-૭, અને રોકડા રૂ.૬ હજાર મળી કુલ રૂ. ૧૩,૨૨,૧૫૦ નો આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યો છે.

### વોન્ટેડ આરોપીઓ

- ઈસ્માઈલ ઉર્ફે બસ્તીખાન અબ્દુલ ગફુર ખીલજી રહે.મીરજાપુર અમદાવાદ
- શરીફ રસુલભાઈ મનસુરી રહે. ઈન્દ્રોડા તા.જી.ગાંધીનગર
- અફઝલ લાલભાઈ મનસુરી
- અજીજ
- ઉજેફા

# મહાત્મા મંદિરની હોસ્પિટલ માટેની વહીવટીય પ્રક્રિયા વેગીલી બનાવાઈ

**એડી. સુપ્રિ. તરીકે ડો. યોગેશ ગજ્જરની નિયુક્તી કરાઈ : વર્ગ-૪ અને અન્ય કેટલીક નવી ભરતી અંગેની પ્રક્રિયા પણ ઝડપથી પુરી કરાશે : આજે મુખ્યમંત્રી સમક્ષ આરોગ્ય વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન થાય તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૨૩ મહાત્મા મંદિર ખાતે આકાર પામેલી નવી ૯૦૦ બેડની હોસ્પિટલને કાર્યરત કરવા માટેની વહીવટીય પ્રક્રિયાને વેગીલી બનાવવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એક્ષ્ટેનશન્ તરીકે કાર્યરત થનાર આ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ તરીકેની જવાબદારી ડૉ. નિયતિ લાખાણી જ સંભાળશે જ્યારે અધિક મેડીકલ સુપ્રિટેન્ડન્ટ તરીકેની જવાબદારી ડૉ. યોગેશ ગજ્જરને સોંપવાના વહીવટીય હુકમો જારી કરી દેવાયા છે.

આ નવી હોસ્પિટલમાં હાલ ૩ વોર્ડ બનાવવામાં આવ્યા છે પરંતુ સંક્રમણ ઘટ્યુ હોવાથી હાલ ૧ વોર્ડ ચાલુ કરવામાં આવશે. અમદાવાદમાં જીએમડીસી ખાતે કાર્યરત કરાયેલ ધન્વન્તરી હોસ્પિટલની કામગીરી અંગેનો અભ્યાસ પણ તંત્રએ કરી લીધો છે અને અહિથી પણ તબીબોની ટીમ મોકલી કામગીરી જોવા અને અભ્યાસ કરવા ગઈ હતી.

મળતી વિગતો પ્રમાણે કોલવડા હોસ્પિટલ ખાતે ફરજો બજાવતા કર્મચારીઓને હાલ આ નવી હોસ્પિટલમાં તબદીલ કરવામાં આવશે. વર્ગ-૪ અને સિક્યોરીટી સહિત અન્ય કેટલીક નવી ભરતીની પ્રક્રિયા પણ ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે.

આજે પણ તંત્રના અધિકારીઓએ નિર્માણ પામેલ આ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો અને તેની સુવિધાઓને ચકાસી હતી.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોમવારે સાંજ સુધીમાં આ નવી હોસ્પિટલની વહીવટીય પ્રક્રિયાઓ સંપન્ન થયા બાદ મુખ્યમંત્રી રૂપાણી સમક્ષ તે અંગેનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે અને તેના ઉદ્ઘાટનને લઈ આખરી નિર્ણય લેવામાં આવશે.

મહાત્મા મંદિરમાં ૨૦૦ થી વધુ વેન્ટીલેટર સાથેના બેડ અને ઓક્સિજન બેડની પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. ટાટા ટ્રસ્ટ અને ડી.આર.ડી.ઓ.ના અધિકારીઓએ અહિ માળખાકીય સુવિધાઓને આખરી ઓપ આપી દીધો છે. વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થતાં જ એકાદ-બે દિવસમાં તેનુ વિધિવત્ રીતે લોકાર્પણ કરાશે.

# આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગનો રિપોર્ટ હવે ૨૪ થી ૩૬ કલાકમાં મળતો થયો

ગાંધીનગર, તા. ૨૩ જિલ્લામાં હવે કોરોનાના આર.ટી.પી.સી.આર. ટેસ્ટના રિપોર્ટ ૨૪ થી ૩૬ કલાકમાં મળતા થયા છે. જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ છે તેમજ આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સુવિધામાં કરાયેલા વધારાને પગલે પરિણામો ઝડપથી મળતા થયા છે.

૧૫ માર્ચ પછી મે ના પ્રથમ સપ્તાહ સુધી કોરોનાના કેસોમાં વધારો થતાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટના પરિણામ મેળવવામાં ૭૨ થી ૭૬ કલાક સુધી રાહ જોવી પડતી હતી. હવે ૨૪ થી ૩૬ કલાકમાં આ પરિણામ મળી જાય છે.

ગાંધીનગર જિલ્લામાં મેડીકલ કોલેજ ઉપરાંત આઈ.આઈ.ટી. ગાંધીનગર, આઈ.આઈ.પી.એચ. ગાંધીનગર, નાઈપર તેમજ બાયોટેકનોલોજી સંસ્થાન ગાંધીનરમાં ટેસ્ટીંગની સુવિધા ઉભી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજમાં જ છેલ્લા ૩ માસમાં ૪૫ હજારથી વધુ લોકોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા છે. ગાંધીનગરની અન્ય સંસ્થાઓમાં રોજના ૧૦૦ થી ૩૦૦ ની વચ્ચે ટેસ્ટ કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

કોરોનાના સંક્રમણમાં પણ ઘટાડો જોવા મળ્યો છે અને ટેસ્ટીંગ પણ થોડુક ઘટ્યુ છે. જો કે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે ગઈકાલે રાત્રે વિડીયો કોન્ફરન્સીંગ કરી આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગમાં વધારો કરવાની ખાસ સૂચનાઓ દરેક જિલ્લાને આપી છે.

એન્ટીજન ટેસ્ટ અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ વધારી કોરોનાના સંક્રમણની સાચી સ્થિતિ મેળવવાનો પ્રયાસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. દરેક જિલ્લામાં ટેસ્ટીંગ આર.ટી.પી.સી.આર.નું વધારવાની સૂચનાઓ અપાઈ છે.

જિલ્લામાં આજે ૧૮૦૦ થી વધુ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટેના નમૂના લેવામાં આવ્યા છે. આ બધા જ પરિણામો ૨૫ થી ૩૬ કલાકમાં ઉપલબ્ધ થઈ જશે.

એપ્રિલ માસમાં કોરોના પીક પર હતો અને જિલ્લામાં ચેપરેટ પણ ૮ થી ૧૦ ટકા જેટલો હતો. છેલ્લા પંદર દિવસમાં ચેપરેટનું પ્રમાણ ઘટ્યુ છે અને ૪ થી ૫ ટકા જેટલો જ ચેપરેટ હાલ હોવાનું જાણવા મળેલ છે.

# આજથી દરરોજ ૧૮ થી ૪૪ વય જુથમાં ૧ લાખ યુવાનોને રસીકરણ કરાશે

**મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો રાજ્યમાં યુવાઓ માટે કોરોના વેક્સિનેશન અંગે મહત્વપુર્ણ નિર્ણય : હાલ દરરોજ ૩૦ હજાર યુવાઓનું થતુ કોરોના રસીકરણ વધારીને રોજ ૧ લાખ કરાયું**

ગાંધીનગર, તા.૨૩ મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ રાજ્યમાં કોરોના રસીકરણ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ૧૦ શહેરોમાં હાલ ચાલી રહેલી ૧૮ થી ૪૪ વય જૂથના લોકોની રસીકરણ કામગીરીમાં રોજના ૩૦ હજાર ડોઝ આપવામાં આવે છે તે વધારીને આવતીકાલ સોમવાર ૨૪ મે થી એક અઠવાડિયા સુધી રોજના ૧ લાખ ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે.



રાજ્યમાં ૧૮ થી ૪૪ ની વય જૂથના યુવાઓનું રસીકરણ ઝડપથી અને વ્યાપક પણે થાય તેમજ વધુને વધુ યુવાઓને કોરોના સામેના આ અમોઘ શસ્ત્ર એવા રસીકરણનો લાભ આપી કોરોના થી સુરક્ષિત રાખવાના આરોગ્ય રક્ષા ભાવ સાથે શ્રી વિજય ભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગને આ ડોઝ એક સપ્તાહ સુધી ૧ લાખ ડોઝ રસીકરણ કરવા સૂચવ્યું છે

શ્રી વિજયભાઈ રૂપાણીના યુવા આરોગ્ય હિતકારી આ નિર્ણયથી અગાઉ ૩૦ હજાર યુવાઓના રોજ થતા રસીકરણમાં હવે રોજના એક લાખ યુવાઓને આવરી લેવાશે

આ નિર્ણયને પરિણામે એક અઠવાડિયામાં અંદાજે ૮ લાખ યુવાઓને કોરોના રસીકરણનો લાભ મળતા કોરોના સામે વધુને વધુ યુવાઓને રક્ષણ મળશે

આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતી રવિના માર્ગદર્શનમાં આરોગ્ય વિભાગે આ રસીકરણ વ્યવસ્થા સુચારુ અને સુઆયોજિત રીતે પાર પડે તે માટેનું આયોજન કર્યું છે.

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીના દિશા દર્શનમાં ગુજરાત દેશભરમાં ૫૨ મિલિયન વેક્સિનેશનમાં અગ્રેસર રહ્યું છે.

ફ્રંટલાઈન વોરિયર્સ, ૪૫ થી વધુ વય ના લોકોના રસીકરણમાં ગુજરાતે આ અગ્રેસરતા મેળવ્યા બાદ હવે ૧૮ થી ૪૪ વય જૂથના લોકોનું પણ વ્યાપક અને ઝડપી રસીકરણ કરીને યુવાઓની આરોગ્ય રક્ષા ક્ષેત્રે પણ દેશમાં અગ્રેસર રહેવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

# જિલ્લામાં સંક્રમણ ઘટ્યું : નવા ૭૬ કેસ

**દહેગામ-૧૭, ગાંધીનગર-૭, કલોલ-૬ અને માણસામાં ૧૧ કેસ નોંધાયા : શહેરમાં સે. ૩૦ માં ૫, સરગાસણમાં ૪, સે. ૨૧ માં ૩, સે. ૫, ૬, ૭, ૧૯, ભાટ-બોરીજમાં ૨-૨ કેસ**

ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ આજે પણ યથાવત રહ્યો હતો.

જિલ્લામાં આજે નવા કેસ ૭૬ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ અને ગાંધીનગર શહેરમાં ૩૫ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં કેસોના ઘટાડાની સાથે રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. જિલ્લામાં આજે ૧૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં શહેરમાં ૭૬ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૪ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા દર્દી, ૭ વિદ્યાર્થી, ૧૨ ખેડૂત તેમજ પાંચ દર્દી ૨૦ થી ઓછી આયુ ધરાવતા મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઘટ્યુ છે પણ અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામમાં આજે નવા ૧૭ કેસ મળી આવ્યા છે. જેમાં નાના પનુલિયા ગામેથી એક જ દિવસમાં પાંચ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. દહેગામના ગ્રામ્ય વિસ્તારમાં લાલુજીની મુવાડી અને રખિયાલ ગામેથી પણ ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત દેવ. મુવાડા, ખાંટની બારડોલી, પથુની મુવાડી, વાસણા ચૌધરી, અમરાજીના મુવાડા, ચિસકારી, પાલુન્દ્રા, ચેખલાપગી ગામેથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઘટતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. તાલુકામાં આજે નવા ૭ કેસ નોંધાયા છે. અડાલજમાંથી ૪ તેમજ રૂપાલ, મોટા ચિલોડા, લેકાવાડા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૬ કેસ મળી આવેલ છે. જેમાં કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૩ તેમજ વડસર, નારદીપુર, પીયજ ગામેથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં પણ નવા કેસમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે. તાલુકામાં આજે નવા ૧૦ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મહુડીમાં ૩ તેમજ બિલોદરા, વિહાર, ઈન્દ્રપુરા, આટા-આંબા, માણસા અર્બન, પુંધરા, બાલવા અને વાગોસણામાંથી કેસ મળેલ છે.

### શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટતા તંત્રને હાશકારો

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૮૯૫૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૨૭ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૫૪૫૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩૫ કેસ મળી આવ્યા છે. શહેરમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રએ કર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સેક્ટરોમાં ૨૪ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં ૧૧ કેસ નોંધાયા છે.

સેક્ટરોમાં છુટા છવાયા કેસો મળ્યા છે પણ કોરોના માટે હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દી ૬૦ થી વધુ વયના છે તો પાંચ દર્દી ૧૦ થી ૨૦ વર્ષની આયુ ધરાવતા અને ૧૫ મહિલા દર્દીઓ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૩૦ માં ૫, સે. ૨૧ માં ૩ તેમજ સે. ૫, ૬, ૭, ૧૯ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૩, ૧૪, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં સરગાસણમાં ૪, ભાટ-બોરીજ ગામે ૨-૨ કેસ તેમજ વાવોલ-ઝુંડાલમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૭૦૦ થી વધુ છે. શહેરમાં રિકવરી રેટમાં ઝડપથી સુધારો થઈ રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૭૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# ધો. ૩થી૧૦, ૧૨ના ૧૮ વિષયોના પુસ્તકોમાં ફેરફાર

**નવા સત્રથી અમલમાં આવશે : ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, સિંધી, ઉર્દૂ, તમિલ અને હિન્દી માધ્યમના પાઠ્ય પુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૨૩ ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રથી ૧૮ વિષયના કુલ ૫૧ નવા પુસ્તકો અભ્યાસક્રમમાં દાખલ કરાશે. લાંબા સમયથી ધોરણ ૩થી૧૦ અને ધોરણ ૧૨ના પુસ્તકો બદલાયા ના હોવાથી તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ૫૧ પુસ્તક તૈયાર થયા બાદ પ્રિન્ટ પણ કરી દેવાયા છે અને બજારમાં પહોંચી ગયા હોવાની જાણકારી મળી છે. આ ઉપરાંત હવે આગામી વર્ષે પણ કેટલાક પુસ્તકો બદલાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આમ, દર વર્ષની જેમ આ વખતે પણ કેટલાક પુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રાથી ધોરણ ૩થી૧૦ અને ૧૨ના નવા ૫૧ પુસ્તકોમાં ધો. ૯ના ૫, ધો. ૭ના ૩, ધો. ૩ના ૧, ધો. ૪ના ૧, ધો. ૫ના ૨, ધો. ૬ના ૨, ધો. ૮ના ૨, ધો. ૧૦ના ૧ અને ધો. ૧૨ના ૧ વિષયના પુસ્તકોમાં ફેરફાર કરાયો છે. ઘણાં વર્ષોથી પુસ્તકો બદલાયા ના હોવાથી હાલના સમયની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાનો નિર્ણય કરાયો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com